# "મેઘાણીની વાર્તા અને સમકાલીનતા".

ડો.સમીર ભટ્ટ
સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ગાંધીનગર

---

ઈડિપસ રેક્સ એક ટ્રેજેડી. સોફોકલીસ નામના સર્જકે લખેલી ઓલટાઈમ ગ્રેટ ટ્રેજેડી. જેમાં બને છે એવું કે રાજ્યમાં હાહાકાર મચી ગયો છે, આખા પ્રદેશમાં દુષ્કાળ છે, મહામારી છે. આખો પ્રદેશ રોગચાળાના ભરડામાં આવી ગયો છે. કોઈ ઉગારો નથી. રાજ્યના રાજા નું નામ ઇડીપસ છે. તે ખૂબ ભલો, દયાળુ અને ન્યાયપ્રિય છે. તેને આખી પરિસ્થિતિની ખૂબ ચિંતા છે. તે દરબાર ભરીને બેઠો છે. તેને આ પરિસ્થિતિનું કારણ જાણવું છે. દરબારમાં ઘટસ્ફોટ થાય છે. સૌને જાણ થાય છે કે બધી જ સમસ્યાના મૂળમાં એક વ્યક્તિએ આચરેલું એક ઘોર પાપ છે. એ વ્યક્તિએ પોતાના પિતાનું ખૂન કર્યું છે અને માતા સાથે લગ્ન કર્યા છે. કોણે કર્યું છે આ કૃત્ય? તપાસનો આરંભ થાય છે અને પરિણામ ચોકાવનારું મળે છે. ભલા રાજા ઇડિપસથી જ આ કૃત્ય થઈ ગયું છે. આખી વાત બહાર આવતા હાહાકાર મચી જાય છે. રાજા ની માતા જે હવે તેની પત્ની છે તે ઝેર ખાઈને આત્મહત્યા કરે છે. રાજા પોતાની બન્ને આંખો ફોડી નાખે છે અને જંગલમાં જતો રહે છે.

ગ્રીક સંસ્કૃતિ નો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે લખાયેલી આ કથા કરુણાંતિકા છે. યુગો પહેલા લખાયેલી આ કથા યુગો પછી એક મનોવિજ્ઞાનિક હાથમાં લે છે અને માનવ મનને, તેની કાળી બાજુ રજૂ કરતી એક થિયરી નો જન્મ થાય છે. આધુનિક મનોવિજ્ઞાન ના જનક સિંગમન્ડ ફ્રોઇડ એક થિયરી એવી રજૂ કરે છે જે ઇડિપસ કોમ્પ્લેક્સ તરીકે ઓળખાય છે. માતૃ રતિભાવ. માતા પ્રત્યે આકર્ષતો પુત્ર. આ એવી બાબત છે જે વાતની એક સર્જકે યુગો પહેલા કલર કૃતિમાં કલ્પના કરી હતી તે વાત જીવાતા જીવનમાં યુગો પછી ઉપસી આવે છે.શું આ યોગાનુયોગ છે કે પછી બીજું કાંઈ? આમ કેમ થયું હશે? ના, યોગાનુયોગ નથી. વિશ્વ સાહિત્યમાં આવા અનેક ઉદાહરણ મળે છે. સાહિત્યમાં જ નહીં અનેક ચિંતકોના ચિંતનમાં પણ આવું દેખાય છે. સાહિત્ય કૃતિ માં જે વાત કલાકૃતિ રૂપે ગૂંથાઈને આવે એ વાતની ગૂંથણી ઉકેલતા જઈએ તો જીવનના અનેક સત્યો, ન જાણતા હોઈએ તેવા સત્યો જડી આવે છે. ક્યારેક સર્જક માનવ મનના ઊંડાણને અકસ્માતે જ તાગી લેતો હોય છે.એટલું જ નહીં, ક્યારેક કોઈ સમર્થ સર્જક માત્ર પોતાનું જ નહીં



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-87-july-2020/RRJ395860

પણ સમગ્ર સંસ્કૃતિ નું ભવિષ્ય પણ કલાકૃતિ રૂપે ભાખી લેતો હોય છે. તેના સર્જનમાં સમયથી આગળના ભવિષ્યના અનેક પ્રશ્નો અનાયાસ આવી જતા હોય છે. સવાલ સમાજ કે સંસ્કૃતિ તેને યોગ્ય સમયે જાણી શકે છે કે નહી તેનો છે. આપણી જ વાત કરીએ તો ગુજરાતી ભાષામાં કોઈ એવા સર્જકો છે કે જેમણે પોતાના સર્જનમાં પ્રજાનું અને સંસ્કૃતિનું ભવિષ્ય કહી દીધું હોય? ભવિષ્યમાં થનારા પ્રશ્નોને  કૃતિમાં વાચા આપી હોય? હા, આપણી ગુજરાતી ભાષામાં એવી કેટલીય કૃતિ અને સર્જકો છે. તેમાંનું એક નામ ઝવેરચંદ મેઘાણી તેમની  પહેલા લખાયેલી અને આજે ગુજરાતના સમાજજીવનમાં મહત્વની સમસ્યા બની રહેલી બાબત બે વાર્તામાંથી જડી આવે છે. એ વાર્તાઓ છે "મુરલીધર પરણ્યો" અને "વહુ અને ઘોડો" હવે,  કઈ રીતે આ સર્જક પોતાની વર્ષો પહેલા લખાયેલી આ કૃતિમાં આપણી આજને નિરૂપે છે? જરા જોઈએ.

"મુરલીધર પરણ્યો" વાર્તામાં નાયક મુરલીધર બે વખત પરણી ચૂક્યો છે અને બંને વખત પત્ની અવસાન પામી છે. એના ત્રીજા લગ્ન નક્કી થાય છે. લગ્નની તૈયારીઓ થાય છે. નાયિકા ચંપા સાથે તેના લગ્ન થવાના છે. આખું કુટુંબ ચંપાને ભાગ્યશાળી માને છે. માત્ર તેના દાદા આખી બાબતમાં વિરોધ કરે છે. જાન તોરણ આવે છે. દાદા પોતાની દીકરીની આડા ઊભા રહીને રડે છે. એ કહે છે -' છોકરાની દાક્તરી તપાસ કરાવો એ બે વહુ ને ભરખી ગયો છે તેના કારણમાં તેને થયેલ રોગ છે,મારી દીકરીને હું નહિ આપું' આખી જાન ગુસ્સે થાય છે. ' સમજો છો શુ? તમારી જ દીકરી છે, અમારી આબરૂ લેવા બેઠા છો' એવા શબ્દો બોલે છે. જાન ત્યાંથી પાછી નીકળી જાય છે. જ્ઞાતિના વડીલો  વિચારે ચડે છે. આખી જ્ઞાતિ એક થઈ ગઈ છે. છેવટે એજ ગામની આગળની શેરીમાં રહેતી કન્યા સાથે મુરલીધરનું લગ્ન થાય છે.બધા ચંપાના દાદાને અને તેના ઘરને ગાળો દે છે. વટથી મુરલીધર પરણી ઉતરે છે.

વહુ અને ઘોડો વાર્તામાં પણ જુદા સ્વરૂપે આ જ સમસ્યા છે.ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાની એક કહી શકાય તેવી આ વાર્તામાં એક કિશોરી, જે ધીમે ધીમે યુવતી બને છે તેને નગરશેઠના ઘરની, એની ક્યારેક જ ગામ વચ્ચેથી પસાર થતી બગીની, તેમાં બેસીને લાજ માં ઢંકાયેલી ઘરેણાથી લદાયેલી વહુની ઈર્ષા થાય છે. જે બગીમાં બેસી વહુઓ પસાર થાય છે તે બગીને ખેંચતા ઘોડાનું પણ  સદભાગ્ય કેવું છે - એવા વિચાર તેને આવે છે. તેનું ઘર તો મધ્યમ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-87-july-2020/RRJ395860

ISSN : 2321- 4708
July. 2020, Year - 7 (87)
Paper ID: RRJ395860

વર્ગનું છે. તેને એવા વિચારો આવે છે કે હું નગરશેઠના ઘરની પુત્રવધુ બનુ તો? તેના સગપણની વાતો એક ટપાલી સાથે થાય છે. પણ કુદરતને કરવું કે નગરશેઠના વચેટ દીકરાની વહુ અવસાન પામે છે. આ છોકરીના લગ્ન નગરશેઠના પુત્ર સાથે થાય છે. લગ્ન સમયે અને લગ્ન પછી આ શ્રીમંત કુટુંબની ગરીબાઈ છતી થાય છે. તેના અભિમાન, તેના કુસંસ્કાર અને તેની વચ્ચે આ સ્વપ્નશીલ યુવતી.... તેને ખ્યાલ આવી છે કે બહારનું ચિત્ર જુદું છે અને ઘરમાં જુનુ વર્તન છે. આ પરિવારમાં વહુઓનું સ્થાન શોભાના ગાંઠિયા સમાન છે. વહુઓ તો પ્રસંગોપાત બહાર લઈ જઈ શ્રીમંતાઈ નું પ્રદર્શન કરવાની ચીજ છે. એ જ રીતે ઘોડા ની હાલત પણ દયનીય છે. અંદર નું આખું ચિત્ર ભયાનક છે. છોકરી ગર્ભવતી બને છે.તપાસ માટે ડોક્ટર પાસે જાય છે ત્યારે ડોક્ટર તેના પતિને ખૂબ ધમકાવે છે 'કોકની દીકરી ને ખાઈ જવા ના ધંધા બંધ કરો'- એવા વેણ સંભળાવે છે અને કહે છે કે પ્રસૂતિ સમયે મને બોલાવી લેજો. પ્રસુતિનો સમય થાય છે. શ્રીમંત સાસરીયા તો ' ડોક્ટરોને પૈસાની ભૂખ હોય એને ન બોલાવાય' કહી વાત સાંભળતા નથી. સદનસીબે પ્રસુતિ તો હેમખેમ પૂરી થાય છે. દીકરીનો જન્મ થાય છે જે જન્મથી અંધ છે.અંતે દીકરીને માતા તેડીને ઊભી છે. નીચે દુબળો પડી ગયેલો ઘોડો છે. અને પેલો ટપાલી ટપાલ નાખી જતો હોય છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

આજથી સાત-આઠ દાયકા પહેલાં લખાયેલી આ વાર્તાઓ છે. વર્ષો પહેલા લખાયેલી આ વાર્તાઓમાં સર્જકે જે સમસ્યા નું નિરૂપણ કર્યું છે તેના પર આજે આપણે વિચાર કરતા નથી. બહુ દબાયેલ સુરે આની વાત કરીએ છીએ. આ સમસ્યા છે જાતીય રોગો અને દંભી સમાજની. હજુ હમણાં સુધી આપણે તેને સમસ્યા રૂપે સ્વીકારતા નહોતા. હવે કંઈક દબાયેલા સુરે જાતિય શિક્ષણ અપાવવાની જીકર થાય છે.લોકોમાં રહેલું આ વિષયનું જ્ઞાન કેવા પરિણામો લાવશે? આજે પણ જેને દીકરી હોય તે તેને પરણવા ઇચ્છુક યુવાન પાસે ડોક્ટરી સર્ટિ ફિકેટ માંગી શકશે? આપણી હિંમત માત્ર છાપાના પાના પર 'પહેલા થેલેસેમિયા ટેસ્ટ પછી જ સગાઈ' એવા સૂત્ર ઉપર સીમિત છે. ' મુરલીધર પરણ્યો'ની નાયકા ચંપાના દાદા ની દીકરી ને ખાતર આખા સમાજ સામે થઈ જવાની હિંમતનો સંદેશ આપતાં સર્જક મેઘાણી આજના આપણા દીકરીના માતા-પિતા કરતા વધુ જાગ્રત નથી??



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-87-july-2020/RRJ395860

ISSN : 2321- 4708
July. 2020, Year - 7 (87)
Paper ID: RRJ395860

આ ઝવેરચંદ મેઘાણી વિશે અનેક દાવાઓ થયા છે લોકસાહિત્ય વાળા કહે છે અમારા મેઘાણી,ગાંધીવાદી કહે છે અમારા રાષ્ટ્રીય શાયર, છાપાવાળા કહે છે અમારા મેઘાણી, ડાબેરીઓ કહે છે ' હજારો વર્ષની જૂની અમારી વેદના' ગાતાં અમારા મેઘાણી અને  સાહિત્ય ક્યારેક ક્યારેક છાના ખૂણે ગણગણે છે કે અમારા મેઘાણી... પણ યારો, કંઈક ક્ષેત્રોમાં કલમ ચલાવતા, દરેકને પોતાના લાગતા મેઘાણી ઉપર લખેલા બધાના તો છે જ, પણ 'મુરલીધર પરણ્યો' અને 'વહુ અને ઘોડો' જેવી વાર્તા ના સર્જક મેઘાણી સૌથી વધુ તો જેને ઘરે દીકરી છે તેમાં માતા-પિતાના છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-87-july-2020/RRJ395860